## વડોદરા-રાજકોટની શાળાઓમાં કોરોનાના કેસ નોંધાતાં તંત્ર હરકતમાં

**જિલ્લાના તમામ શિક્ષકોને રસીના ૨ ડોઝ લઈ લેવા શિક્ષણ વિભાગનો આદેશ : શરદી, ઉધરસથી પીડાતા બાળકોને શાળામાં ન મોકલવાની પણ સૂચના અપાઈ**

બાયડ, તા. ૨૨

વડોદરા અને રાજકોટની શાળાઓમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે જેમાં રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની તમામ શાળાઓના શિક્ષકોને રસીના બંને ડોઝ લઈ લેવા માટે વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. જ્યારે શરદી, ઉધરસ, તાવથી પીડાતા બાળકોને શાળામાં ન મોકલવાની પણ વિભાગે સૂચના આપી છે. ઓફલાઈન શિક્ષણ ઉપર કોરોના સંક્રમણના વધતા જોખમથી હવે શિક્ષણ વિભાગ સતર્ક બન્યું છે.

રાજ્યની કેટલીક શાળાઓમાં બાળકો કોરોનાથી સંક્રમિત થયાં છે. જેથી વિભાગને શાળાના વર્ગો બંધ કરવાની પણ ફરજ પડી છે. ઓફલાઈન શિક્ષણ શરૂ થયા પછી શૈક્ષણિક સંકુલોમાં સંક્રમણ વધવાની વ્યક્ત થયેલી આશંકા હવે સાચી ઠરી છે. જેના કારણે શિક્ષણ વિભાગે હવે તમામ શિક્ષકોને રસીના બંન્ને ડોઝ લેવા માટે ખાસ આદેશ કર્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બીજું નવું શૈક્ષણિક સત્ર શરૂ થયા પછી કોવિડ ગાઈડલાઈનનો યોગ્ય રીતે અમલ થતો ન હોવાના કારણે શિક્ષકો તેમજ અભ્યાસ કરતા બાળકો કોરાનાથી સંક્રમિત થવાની વ્યક્ત થયેલી દહેશત વચ્ચે હવે શિક્ષણ વિભાગે શરદી, ઉધરસ અને તાવથી પીડીત બાળકોને શાળામાં ન મોકલવાની પણ સૂચના આપી છે. જ્યારે વડોદરા અને રાજકોટની શાળાઓમાં ૨ બાળક કીરોના પોઝિટિવ નોંધાયા પછી વિભાગ વધુ ચોકન્ન બન્યું છે અને ખાસ કરીને બાળકોના સંપર્કમાં રહેતા શિક્ષકોને રસીના બંન્ને ડોઝ લઈ લેવા માટે આદેશ આપ્યો છે.

## વેરો નહીં ભરતા બાકીદારો માટે સીલીંગની કાર્યવાહી

**બાયડ પાલિકાની એક જ દિવસમાં રૂા.૧.૭૫ લાખની વેરા વસુલાત : અન્ય બાકીદારોને તાકીદે વેરા ભરવા અપીલ કરાઈ**

બાયડ તા.૨૨

બાયડ પાલિકા વિસ્તારમાં છેલ્લા ૧૦-૧૫ વર્ષથી વેરા નહીં ભરતા બાકીદારોની મિલ્કતો સીલીંગ કરવાની કાર્યવાહી નોટિસ આપ્યા પછી શરૂ કરવામાં આવી જેમાં એક જ દિવસમાં બાયડ પાલિકાને રૂા.૧,૭૫,૦૦૦ની વધુની વેરા વસુલાત થઈ છે. અન્ય બાકીદારો સમયસર વેરો નહીં ભરે તો તેમના નળ કનેક્શન કાપવાથી માંડી મિલ્કતનું સીલીંગ કરવામાં આવશે જેથી પોતાની ફરજ સમજી બાયડ નગરપાલિકાના વિકાસ માટે વેરા ભરવા બાયડ પાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોની દ્વારા અપીલ કરવામાં આવી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર નગરપાલિકાઓ કમિશ્નર કચેરી દ્વારા તમામ પાલિકાઓને વેરા વસુલાત માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. બાયડ નગરપાલિકાની ઓછા વેરા વસુલાતના કારણે સ્વભંડોળ ઉપર માઠી અસર થઈ રહી હતી. માંગણા બીલ સતત વધતું હતું. જ્યારે કેટલાક મિલ્કત ધારકોએ છેલ્લા ૧૦-૧૫ વર્ષથી વેરો ભર્યો ન હતો અને તેમને અગાઉ પણ નોટિસ આપ્યા પછી વેરો ભરવામાં બાકીદારો ઉણા ઉતર્યા હતા. બાયડ પાલિકામાં લાંબા સમયથી વેરા ન ભરતા બાકીદારોની મિલ્કત સીલીંગ કરવાની કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયા પછી બાકીદારોને પાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી હતી તેમ છતાં વેરો ન ભરાતાં તા.૨૨ ડિસેમ્બરના રોજ બાયડ પાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોની તથા સ્ટાફ દ્વારા સીલીંગ કાર્યવાહી શરૂ કરવામાં આવી પરંતુ બાયડના સમજુ બાકીદારોએ સ્થળ ઉપર વેરા ભરતાં એક જ દિવસમાં બાયડ પાલિકાને રૂા.૧.૭૫ લાખથી વધુની વેરા વસુલાત થયાનું જાણવા મળ્યું છે.

## લગ્ન-મૃત્યુના પ્રસંગો ઉપર "લગામ"ની તૈયારી

**સાબરકાંઠા-અરવલ્લીમાં ઓમિક્રોનના ખતરાને લીધે અગમચેતીના પગલાંની તૈયારી : કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને ભીડ સામે સખ્તાઈ દાખવવા આદેશ આપ્યા !!**

બાયડ, તા. ૨૨

આખરે જે દહેશત હતી તે સાચી ઠરી રહી છે. કોરોનાના નવા વેરીયન્ટ ઓમિક્રોન ડેલ્ટા કરતાં કરતાં ત્રણ ગણો ચેપી હોવાનું વૈજ્ઞાનિકોએ જણાવ્યુ છે ત્યારે કેન્દ્ર દ્વારા ગુજરાત સહીત અનેક રાજ્યોને લગ્ન-મૃત્યુ પ્રસંગે લોકોની સંખ્યા ઘટાડવા ઉચિત પગલાં ભરવા તાકીદ કરતાં તા. ૨૫ ડિસેમ્બરથી શરૂ થતાં લગ્નસરાના ભપકાદાર આયોજન ઉપર સંકટ મંડરાયુ છે. અરવલ્લી-સાબરકાંઠાનું વહીવટીતંત્ર પણ રાજ્ય સરકારની સૂચના મળતાં તુરત આગમચેતીના પગલાંની તૈયારી કરી રહ્યું છે.

ઉત્તર ગુજરાતમાં ઓમિક્રોનના કેસ નોંધાયા પછી પાટણ-સાબરકાંઠા-અરવલ્લી-બનાસકાંઠામાં દહેશતનો માહોલ છે. જ્યારે શાળાઓમાં પણ કોરોના સંક્રમણની દહેશત વધી છે. કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે કે ઓમિક્રોન ડેલ્ટા કરતાં ૩ ગણો વધુ ચેપી છે અને રાજ્યોએ યુદ્ધસ્તરની તૈયારી રાખવી. ગુજરાતના અનેક શહેરી વિસ્તારમાં કોરોનાના નવા વેરીયન્ટના દર્દી મળવાની સાથે દરરોજ કોરોના સંક્રમિત દર્દીની સંખ્યા વધી રહી છે. ત્યારે કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારને પણ ભીડ ભેગી કરવા વિરૂદ્ધ સખત નિયમ, લગ્ન સમારંભ, મૃત્યુના પ્રસંગોમાં લોકોની સંખ્યા ઘટાડવા ઉચીત પગલાં ભરવા જણાવી દીધું છે. મૃત્યુની તારીખ નિશ્ચિત નથી હોતી પણ લગ્નસરાની તારીખો નક્કી થઈ છે. ડિસેમ્બરના અંત, જાન્યુઆરી, ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨માં અસંખ્ય લગ્નના આયોજનો થયાં છે અને અનેક પરીવારોએ ૫૦૦ થી ૩૦૦૦ સુધી લોકોને લગ્નમાં આમંત્રણ આપવાનું વિચાર્યુ છે. આ સંજોગો આવા લગ્નના યજમાનોની ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે.

## વિજેતા સરપંચોની યાદી...

| ગ્રામ પંચાયત | વિજેતા સરપંચનું નામ | ગ્રામ પંચાયત | વિજેતા સરપંચનું નામ |
|---|---|---|---|
| રમાસ(તા.બાયડ) | હાર્દિકકુમાર અરવિંદભાઈ પટેલ | ખલવાડ(તા.ભિલોડા) | ઑગષ્ટનાબેન અશ્વિનભાઈ કલાસવા |
| રણેચી(તા.બાયડ) | ભરતભાઈ કાન્તિભાઈ પટેલ | તુંબલીયા(તા.મેઘરજ) | નાનીબેન દલાજી ડામોર |
| ડેમાઈ(તા.બાયડ) | હેમલત્તાબેન રમેશભાઈ ઠાકોર | આંબલીયા(તા.માલપુર) | મસૂરભાઈ પુંજારા |
| લાંક(તા.બાયડ) | ગાયત્રીબેન ખુમાનસિંહ ઝાલા | ફાંટાધીરપુરા(તા.બાયડ) | દિલીપસિંહ સૂરસિંહ સોલંકી |
| દખણેશ્વર(તા.બાયડ) | જ્યોતિકાબેન શૈલેષભાઈ પટેલ | મંગલપુર(તા.માલપુર) | દિપલબેન ચિરાગભાઈ પટેલ |
| બોરલ(તા.બાયડ) | રાજન જયદેવભાઈ બારોટ | કીડીયાદ(તા.માલપુર) | મગીબેન ભરવાડ |
| ક્રરોદ(તા.વડાલી) | જયાબેન દશરથભાઈ બામણીયા | રમોસ(તા.ધનસુરા) | કમલેશભાઈ પટેલ |
| કડીયાદરા(તા.ઈડર) | જગુભાઈ પટેલ | અમલાઈ(તા.મોડાસા) | રેવીબેન દાલાજી ખાંટ |
| બડોલ(તા.વડાલી) | વિનોદભાઈ માવજીભાઈ પટેલ | પહાડપુર(તા.મોડાસા) | પ્રકાશભાઈ ધુળાભાઈ પટેલ |
| ગોરલ(તા.ઈડર) | જ્યોત્સનાબેન પંડ્યા | વસાદરા(તા.બાયડ) | અતુલભાઈ કે. પટેલ |
| હુંજ(તા.હિંમતનગર) | બિપીનભાઈ જેઠાભાઈ પટેલ | સરડોઈ(તા.મોડાસા) | ઉષાબા જયદત્તસિંહ પુંવાર |
| મોટાકોટડા(તા.ઈડર) | કોકીલાબેન જગુભાઈ પટેલ | હઠીપુરા(તા.બાયડ) | કામીનીબેન કલ્પેશભાઈ બાયડ |
| લેઈ(તા.ઈડર) | વનિતાબેન દિનેશભાઈ પટેલ | ગેડ(તા.મેઘરજ) | રીંકલબેન મહેન્દ્રભાઈ ખરાડી |
| વડગામડા(તા.વડાલી) | ભગવાનદાસ બાબુભાઈ પટેલ | શામદ્રાજી(તા.ભિલોડા) | લાલાભાઈ સોમાભાઈ કટારા |
| વાસણ(તા.વડાલી) | ગજેન્દ્રસિંહ રામસિંહ ચંપાવત | ટોટું(તા.બાયડ) | વિધીબેન અતુલભાઈ ભરવાડ |
| લાલપુર(તા.ઈડર) | અશોકભાઈ પટેલ | અલવા(તા.બાયડ) | નિત્તલબેન સુધીરકુમાર ખાંટ |
| ચિત્રોડા(તા.ઈડર) | અશોકકુમાર રતિલાલ વણકર | લીંબ(તા.બાયડ) | હિનાબેન મેહુલકુમાર પંડ્યા |
| રાસલોડ(તા.પ્રાંતિજ) | મનોજભાઈ ચતુરભાઈ પટેલ | બડોદરા(તા.મોડાસા) | કિર્તીબેન અશ્વિનકુમાર પટેલ |
| અમરાપુર(તા.પ્રાંતિજ) | ઉષાબા કાળુસિંહ ઝાલા | અમિયાપુર(તા.બાયડ) | અલ્પેશકુમાર શામદ્રભાઈ પટેલ |
| વજાતુર(તા.પ્રાંતિજ) | વિનયસિંહ ખુમાનસિંહ મકવાણા | મુનજીનામુવાડા(તા.બાયડ) | દિપસિંહ લલ્લુસિંહ સોલંકી |
| આસરોડા(તા.પ્રાંતિજ) | રમીલાબેન વિનુભાઈ ચમાર | માલપુર(તા.વડાલી) | અરવિંદભાઈ માવજીભાઈ દેસાઈ |
| કેશરપુરા(તા.પ્રાંતિજ) | વિક્રમસિંહ વદનસિંહ ઝાલા | સમલાપુર(તા.ઈડર) | કોદરભાઈ ચેનવા |
| રુપપુરા(તા.પ્રાંતિજ) | કિરણબેન લાલાજી ચૌહાણ | રડોદરા(તા.બાયડ) | શકરીબેન હીરાભાઈ પરમાર |
| કાટવાડ(તા.પ્રાંતિજ) | ઉષાબા દલપતસિંહ મકવાણા | ઈન્દ્રાણ(તા.બાયડ) | કૈલાસબેન વનરાજભાઈ ચૌહાણ |
| મૌછા(તા.પ્રાંતિજ) | કિર્તિબેન ભરતસિંહ પરમાર | માલપુર(તા.માલપુર) | મહેશભાઈ કમદ્રાશંકર ઉપાધ્યાય |
| સઢા(તા.હિંમતનગર) | ભાવનાબેન રાજેન્દ્રસિંહ રાઠોડ | જાલમપુરા(તા.બાયડ) | ઉર્મિલાબેન રજનીકાન્ત પટેલ |
| કરણપુર(તા.હિંમતનગર) | મનિષાબેન મનિષભાઈ પટેલ | બીબીનીવાવ(તા.બાયડ) | હર્ષદસિંહ ફુલસિંહ સોલંકી |
| ધુલેટા(તા.હિંમતનગર) | રાખીબેન ડાહ્યાજી રાઠોડ | દેરોલી(તા.બાયડ) | કેશરીસિંહ રામસિંહ સોલંકી |
| જીતપુર(તા.માલપુર) | પાણીબેન ચમાર | પ્રાંતવેલ(તા.બાયડ) | ભાનુમતીબેન જવાનસિંહ ખાંટ |
| ઈપલોડા(તા.મેઘરજ) | નયનાબેન જયેશભાઈ પટેલ | દહેગામડા(તા.બાયડ) | નયનાબેન સુભાષભાઈ ખાંટ |
| છભૌ(તા.બાયડ) | પ્રવિણસિંહ ખોડસિંહ પરમાર | મુનજીનામુવાડા(તા.બાયડ) | જ્યોતિકાબેન નિલેષકુમાર સોલંકી |
| વાસણીરેલ(તા.બાયડ) | હિંમતસિંહ વજેસિંહ પરમાર | જાદર(તા.ઈડર) | કિર્તીભાઈ ઠાકોર |
| કુશ્કી(તા.ભિલોડા) | શામદ્રભાઈ ધુલાભાઈ પ્રજાપતિ | કરણપુર(તા.હિંમતનગર) | મનિષાબેન મનિષભાઈ પટેલ |
| આંબાગામ(તા.બાયડ) | ભલાભાઈ બાલાભાઈ ખાંટ | ફુંદેડા(તા.વડાલી) | કનુજી અમૃતજી ઠાકોર |
| ડચકા(તા.મેઘરજ) | હીરાભાઈ ડામોર | સુરજપુરા(તા.હિંમતનગર) | જગદીશભાઈ ભીખાભાઈ પટેલ |
| મહાદેવગ્રામ(તા.મોડાસા) | પંકજસિંહ ભારતસિંહ રાઠોડ | કેશરપુરા(તા.હિંમતનગર) | વિક્રમસિંહ વદનસિંહ ઝાલા |
| કંટાદ્ર(તા.મેઘરજ) | સુભાષભાઈ ડામોર | ચુલ્લા(તા.વડાલી) | હંસાબેન રમેશભાઈ ચેનવા |
| ખલીકપુર(તા.મોડાસા) | જીજ્ઞાબેન સુભાષભાઈ પટેલ | હિંમતપુર(તા.વડાલી) | લીલાબેન પ્રવિણભાઈ પટેલ |
| કોયલીયા(તા.માલપુર) | હિંમતસિંહ ખાંટ | હઠોજ(તા.વડાલી) | ડાહ્યાભાઈ સેંધાભાઈ ચેનવા |
| અંબાસર(તા.ધનસુરા) | લાલસિંહ બાબુસિંહ પરમાર | ફોજીવાડા(તા.તલોદ) | મંજુલાબેન ઈશ્વરભાઈ પટેલ |
| કાસવાડા(તા.માલપુર) | જયદીપભાઈ પટેલ | બલોચપુર(તા.હિંમતનગર) | લીલાબેન સુરેશકુમાર જયસ્વાલ |
| ગઢા(તા.મોડાસા) | ધર્મિષ્ઠાબેન યોગેશભાઈ પટેલ | ઉમેદપુરા(તા.ઈડર) | હેમંતકુમાર અમૃતભાઈ પટેલ |
| મહીયાપુર(તા.માલપુર) | સુરેશભાઈ ખાંટ | હિંગદ્રાજ(તા.ઈડર) | સંગીતાબેન ઠાકરડા |
| મઉં(નવલપુર)(તા.ભિલોડા) | નીતાબેન અજયકુમાર ખરાડી | લાલાનીમુવાડી(તા.તલોદ) | ભાવનાબેન રણછોડભાઈ દેસાઈ |
| વાંકાનેડા(તા.માલપુર) | બાલુસિંહ કોટવાડ | રાજપુર-ગાંભોઈ(તા.હિંમતનગર) | પોપટસિંહ ઉમેદસિંહ પરમાર |
| મહુડી(તા.મેઘરજ) | જીવાભાઈ દીતાભાઈ ભગોરા | ધુલેટા(તા.હિંમતનગર) | રાખીબેન ડાહ્યાજી રાઠોડ |
| પાલ્લા(તા.ભિલોડા) | કીનાબેન ક્રીરેન્દ્રકુમાર નિનામા | ઉદેપુર(તા.ધનસુરા) | ફુલસંગ આર. સોલંકી |
| કાટકૂવા(તા.માલપુર) | ઉષાબેન બારીયા | હરીપુરા(તા.ધનસુરા) | સંજયભાઈ બાબુભાઈ રબારી |
| શામપુર-લાલપુર(તા.મોડાસા) | વજીબેન રેવાભાઈ પટેલ | કીડી(તા.ધનસુરા) | સુખસિંહ અમરસિંહ મકવાણા |
| ગાજણ(તા.માલપુર) | જશીબેન ડામોર | છીટાદરા(તા.મેઘરજ) | જીગરકુમાર નારણભાઈ ખરાડી |
| કસાણા(તા.મેઘરજ) | કમદ્રાબેન મનહરભાઈ ડામોર | સાતરડા(તા.માલપુર) | જૈમિનભાઈ પંચાલ |
| મેવડા(તા.માલપુર) | સૂર્યાબેન ગલાજી કોટવાલ | સખવાણીયા(તા.માલપુર) | મંજુલાબેન ખાંટ |
| રેલ્લાવાડા(તા.મેઘરજ) | મંજુલાબેન રુપાભાઈ રાઠોડ | વાવડી(તા.માલપુર) | ચંદુભાઈ ખાંટ |
| ખડોદા(તા.મોડાસા) | સોનલબેન શાંતિલાલ મકવાણા | બામણી(તા.માલપુર) | પ્રતાપભાઈ મસાર |
| નારણપુર-નારસોલી(તા.ભિલોડા) | રજનીકાન્ત અમૃતભાઈ ખરાડી | રંભોડા(તા.માલપુર) | હીરાભાઈ બારીયા |
| ક્રાંધિયા(તા.મેઘરજ) | છાયલબેન મેણાત | ભેરુન્ડા(તા.મોડાસા) | કમલેશભાઈ પટેલ |
| જાલમખાંટનામુવાડા(તા.માલપુર) | ખુમાનસિંહ ખાંટ | લીંભોઈ(તા.મોડાસા) | ઈન્દુબેન જ્યંતિભાઈ પટેલ |
| બામણવાડ(તા.મોડાસા) | રોહીતભાઈ પટેલ | તરકવાડા(તા.મેઘરજ) | દિપીકાબેન જગદીશભાઈ ચમાર |
| ખલીકપુર(તા.માલપુર) | મંજુલાબેન ખાંટ | પહાડપુર(તા.મોડાસા) | પ્રકાશભાઈ ધુદ્રાભાઈ પટેલ |
| મોટાલાલપુર(તા.બાયડ) | કૈલાસબેન રામાભાઈ ભોઈ | સીમલીયા (તા.તલોદ) | કાળુસિંહ |
| વોલ્વા(તા.મોડાસા) | દિનેશભાઈ વાઘજીભાઈ પટેલ | ઉજેદ્રીયા (તા.તલોદ) | વિષ્ણુબા ચીનુસિંહ ઝાલા |
| ગઢડા(તા.મોડાસા) | ભાવનાબેન મહેન્દ્રભાઈ પટેલ | વલીયમપુરા(તા.તલોદ) | ગૌતમભાઈ પૂંજાભાઈ પટેલ |
| ચાંદરેજ(તા.બાયડ) | જશીબા ભરતસિંહ ચૌહાણ | અણખોલ(તા.તલોદ) | અમજીબા મગુસિંહ ચૌહાણ |
| કિશોરપુરા(તા.મોડાસા) | લક્ષ્મીબેન અમીચંદભાઈ પટેલ | કોટડા(તા.પોશીના) | એત્રીબેન લક્ષ્મણભાઈ ગમાર |
| માલજીનાપહાડીયા(તા.માલપુર) | સંગીતાબેન પટેલ | મોટીમોયડી(તા.મેઘરજ) | મહેશભાઈ ડામોર |
| સજાપુર(તા.મોડાસા) | ચિંતનકુમાર મોતીભાઈ ચૌધરી | પહાડીયા(તા.મેઘરજ) | ગુલાબસિંહ કાનજીસિંહ |

**હેડક્લાર્ક-વર્ગ-૩ની પરીક્ષા રદ**

## સાબરકાંઠા-અરવલ્લીના ૮૦૦૦ ઉમેદવારોની મહેનત એળે ગઈ : માર્ચ-૨૨માં ફરી યોજાશે પરીક્ષા

બાયડ, તા. ૨૨

ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલ હેડક્લાર્ક વર્ગ-૩ની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયા પછી રાજ્ય સરકાર દ્વારા પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાતાં છેલ્લા દોઢ-૨ વર્ષથી પરીક્ષાની તૈયારી કરતાં સાબરકાંઠા-અરવલ્લીના અંદાજીત ૮૦૦૦ ઉમેદવારોની મહેનત એળે ગઈ છે. હવે પછી યોજાનારી સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર પણ લીક નહી થાય તેવી શું ખાત્રી ? તેવા અણીયાળા સવાલ થઈ રહ્યા છે.

વારંવાર સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક થવાની ઘટનાથી રાજ્યના બેરોજગારોમાં અસંતોષ છવાયો છે. અત્યાર સુધી જે પરીક્ષાઓ યોજાઈ તેમાં સેટીંગ કરીને અનેક ઉમેદવારો ગોઠવાઈ ગયાની લોકચર્ચા ફરી ઉઠી છે. જિલ્લામાં આર્થિક સંપન્ન પરીવારના સંતાનો વર્ગ-૨-૩ માં ગોઠવાઈ જાય છે તેવુ માનનારો વર્ગ વધી રહ્યો છે. આજ રીતે હવે પછી પેપર લીકની ઘટનાનું પુનરાવર્તન થતું રહેશે તો લાખો બેરોજગારોનો રોષ રાજ્ય સરકારને ભારે પડી શકે છે. પેપર લીક થયું... આરોપી પકડાયા... રીમાન્ડ...જેલમાં ધકેલાયા... પરીક્ષા રદ... આ પ્રથા ચાલુ રહેશે પરંતુ ગરીબ પરીવારોએ પોતાના દિકરાને નોકરી માટે વ્યાજે પૈસા લાવી કોચીંગ ક્લાસ તેમજ પુસ્તકો લઈ આપ્યા હોય અને પેપર લીક થવાથી તેમના ઉપર શું વિતતી હશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. જ્યારે પેપર લીકની વારંવારની ઘટનાઓ ઉત્તર ગુજરાતમાં બનતી હોવાથી ઉત્તર ગુજરાતના અનેક ઉમેદવારો વર્ષોથી સરકારી નોકરી માટે તનતોડ મહેનત કરી નોકરી મેળવે તો પણ તેમના ઉપર આંગળીઓ ચિંધાતી રહે છે. આવનારા દિવસોમાં પેપર લીકની ઘટનાઓનું પુનરાવર્તન થશે તો રાજ્યની ભાજપ સરકાર માટે મોટો પડકાર ઉભો થઈ શકે છે.

## ગ્રામ પંચાયતોના પરિણામ

**જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પરીણામ પછી ઘર્ષણની સ્થિતિ : મતદાનમાં પ્લાસ્ટીકના સિક્કાએ દાટ વાળ્યો : અનેકની જીતની બાજી હારમાં પલટાઈ**

બાયડ, તા. ૨૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામો જાહેર થયા છે. ૩૦ થી વધુ પંચાયતોમાં સરપંચ-વોર્ડની મતગણતરીના લીધે વિવાદ ઉભો છે પરંતુ ચૂંટણી પરીણામો પછી અનેક ગ્રામ્ય વિસ્તારોમાં હાર-જીત પચાવવી અઘરી પડતાં ઘર્ષણની સ્થિતિ જોવા મળી. મામલા પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યા છે. મતદાન સમયે મતદારોને બેલેટ ઉપર ચોકડી મારવા પ્લાસ્ટીકના સિક્કા અપાયા પરંતુ માર્ગદર્શનના અભાવે હજારો મતદારોએ ઉંધા એરોના સિક્કા મારતા અનેક ઉમેદવારોની જીતની બાજી હારમાં પલટતાં મામલા ચૂંટણી અધિકારીના દરબારમાં પહોંચ્યા છે.

ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ 'કડવાહટ'નો જંગ બની જાય છે. જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થઈ જેમાં સાબરકાંઠામાં ૨૩, અરવલ્લીમાં ૭ ગ્રામ પંચાયત સાથે માત્ર ૩૦ ગ્રામ પંચાયત સમરસ થઈ. જ્યારે અન્ય ગ્રામ પંચાયતોમાં તા. ૧૯ ડિસેમ્બરના રોજ મતદાન યોજાતાં બમ્પર મતદાનથી ઉમેદવારો અને તેમના ગોડ ફાધરોની ઊંઘ હરામ થઈ. મંગળવારે મત ગણતરી શરૂ થઈ - બેલેટ પેપરથી મતદાન થયું હોવાથી ધીમી ગતીની મતગણતરીથી ઉમેદવારો-તેમના સમર્થકો કંટાળ્યા. ગણતરી શરૂ થઈ ત્યાં મતદારોએ બેલેટ પેપરમાં ઉંધા સિક્કા મારતાં ધડાધડ અસંખ્ય મત રદ થતાં અનેક ઉમેદવારોની જીતની બાજી હારમાં પલટાતાં ભાવુક દશ્યો જોવા મળ્યા. સાબરકાંઠા-અરવલ્લીમાં નાટા તેમજ ઊંધા સિક્કાના કારણે અંદાજી ૭૫ હજારથી વધુ મત રદ થયાની સંભાવના છે. જ્યારે તંત્ર મતગણતરીના બીજા દિવસ પછી પણ સત્તાવાર પરિણામ-રદ થયેલ મતના આંકડા જાહેર કરી શક્યું નથી.

## ચૂંટણીમાં વોટનો ડખો

**હેમાત્રાલમાં કેમ મત નથી આપ્યો તેમ કહી ટોળાનો હુમલો : પથ્થરમારો થતાં નાસભાગ મચી, લાકડીથી મહિલા ઉપર હુમલો, ૨ વાહનોમાં તોડફોડ**

બાયડ, તા. ૨૨

બાયડ તાલુકાના હેમાત્રાલ(ડુંગરી) ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ગામના ઉમેદવારને કેમ વોટ નથી આપ્યો તેમ કહી ઉશ્કેરાયેલા ટોળાએ સોલંકી પરિવારના ઘર ઉપર પથ્થરમારો કરતાં નાસભાગ મચી હતી. ઉશ્કેરાયેલા ઈસમોએ લાકડીથી હુમલો કરતાં ૧ મહિલાને ઈજા થઈ હતી. જ્યારે વોટના ડખામાં ૨ વાહનોમાં તોડફોડ કરવામાં આવતાં મામલો તંગ બની ગયો હતો. બનાવ અંગે બાયડ પોલીસે ૮ જણ સામે રાયોટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કેટલાક સ્થળોએ મારામારી સહિત હિંસક હુમલા નોંધાતા પોલીસ દોડતી થઈ છે. તાલુકાના હેમાત્રાલ(ડુંગરી) ગામે તા.૧૯ના રોજ યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિઠ્ઠલભાઈ બાલાભાઈ તરાલ અને અન્ય ૭ ઈસમોએ ટોળા સ્વરૂપે ચેતનાબેન સુરેશભાઈ સોલંકીના ઘરે જઈને કહેલ કે તમે ગામના ઉમેદવારને કેમ વોટ નથી આપ્યો તેમ કહી અપશબ્દો બોલતાં બંને પક્ષે ઉગ્ર બોલાચાલી થઈ હતી. દરમ્યાન ટોળુ એકાએક ઉશ્કેરાઈ ગયું હતું અને વિઠ્ઠલભાઈ તરાલે લાકડીથી હુમલો કરતાં દિવાબેન સોલંકીને ઈજા થઈ હતી. જ્યારે અન્ય ઈસમોએ સોલંકી પરિવારના ઘર ઉપર પથ્થરમારો કરતાં ઘરના કાચ તૂટ્યા હતા. જ્યારે અન્ય ૨ વાહનોને પણ ટોળા દ્વારા નુકસાન કરવામાં આવતાં વોટના ડખામાં ગામમાં દંગલ મચી ગયું હતું. ઉશ્કેરાયેલા ઈસમોએ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે બાયડ પોલીસે ચેતનાબેન સોલંકીની ફરિયાદના આધારે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચૂંટણી-મતગણતરી પૂરી - ઠંડી ભાગી...!!

**સાબરકાંઠા-અરવલ્લીમાં ઠંડીનું જોર ઘટતાં રાહત : ૨ દિવસમાં ૩ થી ૪ ડીગ્રી પારો ઉંચકાયો**

બાયડ, તા. ૨૨

સાબરકાંઠા-અરવલ્લીમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમ્યાન ગાત્રો થીજવતી ઠંડીએ ઉમેદવારોને મુશ્કેલીમાં મુક્યા હતા ત્યારે ચૂંટણી-મતગણતરી પછી ઠંડી દોટ લગાવી ભાગી હોય તે રીતે જિલ્લામાં ૨ દિવસમાં ૩ થી ૪ ડીગ્રી પારો ઉંચકાતા પ્રજા-પશુ-પંખીઓને ઠંડીમાં ઘણી રાહત જણાઈ રહી છે.

શિયાળામાં ઠંડી વધુ તેટલુ રવિ પાક ઉત્પાદન વધુ થાય, પરંતુ અતિરેક કોઈપણ હોય તે નુકશાનકર્તા હોય છે. ચૂંટણીના મતદાન આડે ૨ દિવસ બાકી હતા ત્યારે જિલ્લાના પોશીનાથી સાઠંબા સુધીના પટ્ટામાં ગાત્રો થીજવતી ઠંડીએ જનજીવનને ઘરમાં પુરવા મજબૂર કર્યા. ત્યારબાદ પણ તાપમાનનો પારો સતત ગગડતાં પશુઓની દૂધ ઉત્પાદન શક્તિને અસર શરૂ થઈ. ગતરોજ જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોમાં મતદાન પછી મતગણતરી શરૂ થઈ અનેક ચોકાવનારા પરીણામોએ અનેકની ૫ વર્ષની ગણતરી ઉંધી વાળી દીધી. મતગણતરી પૂર્ણ થયા પછી ઠંડીએ પણ જાણે પોતાનો વાવટો સંકેલવાની દિશામાં ડગ માંડ્યા હોય તેમ તાપમાનનો પારો ફરી ઉંચકાયો છે જેથી ઠંડીનું જોર ઘટ્યાનું પ્રજાને લાગી રહ્યું છે.